ક્રપ/ન.વિ.

કેદીઓને અપાતી કેન્ટીન કુપન તથા તેઓને ઘર ધ્વારા મળતી મનીઓર્ડરની રકમ મર્યાદા વધારવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ જલક/૨૫૨૦૦૪/૪૯૧૧/જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૬/૦૪/૨૦૦૭.

વંચાણે લીધા (૧) ગૃહ વિભાગનો પત્ર ક્રમાંકઃજલમ/૪૯૯૫/૮૧૯૦/જ, તા.૨૧/૩/૯૮.

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રીનો પત્ર ક્રમાંકઃહસબ.૧/૧૪૨૩/૨૦૦૪, તા.૧૮/૭/૦૪.

(૩) સ્પે.ક્રીમી.એપ્લી.નં.૧૮૫૧/૨૦૦૬ માં નામ.હાઈકોર્ટનો ઓરલ ઓર્ડર તા. ૧૫/૧૨/૦૬.

(૪) ગૃહ વિભાગનો ઠરાવ ક્રમાંકઃજલક/૫૦૨૦૦૦/૨૧૯૧/જ, તા. ૨૭/૫/૦૩.

<u>પ્રસ્તાવના</u>

રાજયની જેલોમાં કેદી દીઠ મની ઓર્ડર માસિક મર્યાદા રૂ.૪૦૦/– અને માસિક કેન્ટીન કુપન રૂ. ૪૦૦/– ની મર્યાદામાં આપવાનું આમુખમાંના તા. ૨૧/૩/૯૮ ના પત્રથી નકકી કરવામાં આવેલ છે. ઉકત મર્યાદામાં વધારો કરવા અંગેની જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રીની આમુખ–૨ માં દર્શાવેલ દરખાસ્ત વિચારણા હતી. દરમ્યાનમાં, સ્પે.ક્રિમી.એપ્લીકેશન નં. ૧૮૫૧/૨૦૦૬ માં નામ. હાઈકોર્ટ ધ્વારા આમુખ ક્રમ(૩) સામે દર્શાવેલ તા.૧૫/૧૨/૦૬ ના ઓરલ ઓર્ડરમાં આ બાબતે વિચારણા કરવા જણાવેલ છે. આ બાબતે અગાઉ આમુખ(૨) સામે દર્શાવેલ તા.૧૮/૭/૦૪ થી કરેલ દરખાસ્ત પર વિચારણા કરતાં કેદીઓ પોતાની જીવન જરુરી ચીજો તથા સ્વાસ્થ્ય માટે ફ્રુટ કે દવાઓ ખરીદી શકે તેને ધ્યાનમાં લઈને પ્રત્યેક કેદી દીઠ માસિક મની ઓર્ડર સ્વીકારવાની તથા માસિક કેન્ટીન કુપન ઈસ્યુ કરવાની પ્રવર્તમાન મર્યાદા વધારાવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

રાજયની જેલોના કેદીઓને અપાતી (૧) કેદી દીઠ માસિક મહત્તમ મની ઓર્ડર રૂ.૪૦૦/– સ્વીકારવાની મર્યાદામાં વધારો કરી રૂા. ૮૦૦/– ની રકમનો મની ઓર્ડર સ્વીકારવાની (૨) કેદી દીઠ માસિક મહત્તમ રૂા. ૪૦૦/– ની કેન્ટીન કુપન ઈસ્યુ કરવાની મર્યાદામાં વધારો કરી રૂા ૮૦૦/– કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ અંગેની વહીવટી વ્યવસ્થા તથા હિસાબો રાખવા અંગેની કાર્યપધ્ધતિનું વ્યવસ્થીત રીતે પાલન થાય તે સંબંધિત જેલોના અધિક્ષકે જોવાનું રહેશે.

આ હુકમો સમાન અંકી ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૮/૪/૦૭ની નોંધથી મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

[redacted]
[redacted] 25/7/07

(એન. જી. ખ્રિસ્તી)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ.

પ્રતિ

- જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- માન. રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક્ષકશ્રી, મધ્યસ્થ જેલ અમદાવાદ/વડોદરા.
- આચાર્યશ્રી, જેલ સ્ટાફ ટ્રેનીગ સ્કુલ, અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી, (ગૃહ) સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઈલ.
- સેકશન અધિકારી સિલેકટ ફાઈલ.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ